# પાટીદાર પાવર : રાજ્યના રાજકારણમાં ભારે ઉત્તેજના

### ભાજપના પ્રભારી ભુપેન્દ્ર યાદવની પાટીદાર મંત્રીઓ અને ધારાસભ્યો સાથે બંધ બારણે બેઠક : કોંગ્રેસમાં નેતૃત્વ પરીવર્તનની પ્રક્રિયા તેજ બનાવાઈ : આપ આદમી પાર્ટીની રાજકીય કદ વધારવાની કવાયત

ગાંધીનગર, તા. ૧૨

''ગુજરાતના મુખ્યમંત્રી પદે પાટીદાર ઈચ્છીએ છીએ'' જાણીતા પાટીદાર અગ્રણી અને ખોડલધામના ચેરમેન નરેશ પટેલના આ વિધાનથી ગુજરાતના રાજકારણમાં ભારે ખળભળાટ થવા પામ્યો છે. ભાજપ-કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીમાં શનિવારે સવારથી જ રાજકીય ગતિવિધિઓ તેજ બની ગઈ છે. ગુજરાતના પાટીદાર આગેવાનોની મહત્વની બેઠક ખોડલધામ ખાતે યોજાઈ હતી. જેમાં સામાજિક વિષયો ઉપરાંત રાજકીય ચર્ચાઓ પણ થઈ હતી. ગુજરાતમાં ૧૫ ટકા વસ્તી ધરાવતા પાટીદાર સમાજનું રાજકીય અને વહીવટીય પુરતુ વજન બનવું જોઈએ એવો એક સુર સર્વાનુમતે ઉઠતા તમામ રાજકીય પક્ષો સોગઠા ગોઠવવામાં લાગી ગયા હતા.

યોગાનુયોગ ભાજપના પ્રભારી ભુપેન્દ્ર યાદવ ગાંધીનગર જ હોવાથી તેમણે પાટીદાર મંત્રીઓ, પદાધિકારીઓ અને અગ્રણી ધારાસભ્ય સાથે મેરેથોન બેઠકો યોજી હતી. છેલ્લા કેટલાક વખતથી મુખ્યમંત્રી બદલાવાની અફવાને ખોડલધામના નિવેદનથી હવા મળી હતી. રાજકીય વર્તુળોમાં ભારે ઉત્તેજના વ્યાપી છે. કેટલાંક પાટીદાર મંત્રીઓ અને ધારાસભ્યો ખાનગીમાં પોતપોતાના દાવા પણ કરી રહ્યા હોવાનું ચર્ચાય છે. ભાજપમાં આમ તો ૪૪ ધારાસભ્યો, ૬ લોકસભાના સભ્યો અને ૩ રાજ્ય સભાના સભ્યો પાટીદાર સમાજના છે. ઉપરાંત નાયબ મુખ્યમંત્રી પણ પાટીદાર સમાજનું પ્રતિનિધિત્વ કરે છે, પરંતુ મુખ્યમંત્રી અને



પ્રદેશ પ્રમુખ બિન પાટીદાર હોવાથી પક્ષમાં થોડો ગણગણાટ છે. કેટલાંક રૂપાણી વિરોધ લોબી પણ આ વાતનો જોરશોરથી ચગાવી રાજકીય રંગ આપી રહ્યા છે.

સાથોસાથ કોંગ્રેસમાં પણ આજ સમય નેતૃત્વ પરીવર્તનની પ્રક્રિયા ચાલી રહી છે. અમિત ચાવડા અને પરેશ ધાનાણીના રાજીનામા સ્વીકારાયા બાદ નવા નેતૃત્વની શોધ હાઈકમાન્ડ કરી રહ્યું છે ત્યારે પાટીદાર સમાજના વલણથી આંતરિક ચહલપહલે જોર પકડ્યું છે અને કોંગ્રેસ પક્ષના પાટીદાર આગેવાનોએ પણ તકનો લાભ લઈને પોત પોતાના દાવાઓ દબાણપૂર્વક રજુ કરી રહ્યાં છે. એકાદ અઠવાડીયામાં કોંગ્રેસમાં પણ નવા નેતાઓના નામ પણ જાહેર થઈ જશે. જેમાં હવે એક પટેલ તો હશે જ..!!

ત્રીજી બાજુ સુરતનો પ્રયોગ સફળ થયા બાદ આમ આદમી પાર્ટી પણ હવે જોર લગાવી રહી છે. સુરતમાં પાટીદાર સમાજના ખુલ્લા સમર્થનને કારણે ૨૭ જેટલી નોંધપાત્ર બેઠકો જીતીને ગુજરાતના રાજકારણમાં પ્રવેશ કરી આત્મવિશ્વાસ વધાર્યો. હવે સુરત મોડલ ઉપર જ ગુજરાતના રાજકારણમાં કોંગ્રેસનો વિકલ્પ બનવાના 'આપ'ના અરમાન દેખાઈ રહ્યા છે. અને પાટીદાર સમાજ પણ આમ આદમી પાર્ટી માટે સોફ્ટ કોર્નર ધરાવે છે એવું નરેશભાઈની મીડીયા સાથેની વાતચીતમાં ઉપસી આવ્યું છે અને જોગાનુજોગ ખોડલધામની બેઠક અને ૧૪મીએ કેજરીવાલનું આગમન સાથોસાથ હોવાથી કંઈક રંધાઈ રહ્યું છે એમ તો સ્પષ્ટ લાગે છે.

ભાજપના પ્રભારીના ગાંધીનગરમાં ધામા, કોંગ્રેસમાં નેતૃત્વ પરિવર્તનની તેજ બની રહેલી પ્રક્રિયા અને કેજરીવાલનું આગમન ગુજરાતના રાજકારણમાં આગામી સપ્તાહે નવાજુની આપશે.

## આવતીકાલે કેજરીવાલ ગુજરાતમાં

આમ આદમી પાર્ટીના સર્વોચ્ચ નેતા અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ૧૪મીએ ગુજરાત આવી રહ્યા છે. આગામી વિધાનસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી તમામ બેઠકો ઉપર લડવાની છે ત્યારે તેને મજબુત બનાવવા માટે કેજરીવાલનો પ્રવાસ ગોઠવાયો છે. જાણીતા પત્રકાર અને એન્કર ઈસુદાન ગઢવી સહિત વિવિધ ક્ષેત્રના કેટલાંક અગ્રણીઓ પણ કેજરીવાલની ઉપસ્થિતિમાં 'આપ'માં જોડાશે. વર્તમાન રાજનીતિ બદલવાના આશયથી કેટલીક નામાંકીત મહાનુભાવો પણ આમ આદમી પાર્ટી 'આપ'માં આશાવાદ રાખી રહ્યા છે ત્યારે એમાંના કેટલાંકની પક્ષમાં જોડાવાની શક્યતા પણ છે.

## કોરોના રસીકરણ અભિયાનમાં ગુજરાતની અપૂર્વ સિદ્ધિ

### ૧૨ જુન શનિવારે સાંજે ૪ વાગ્યા સુધીમાં રાજ્યમાં કોરોના રસીના ૨ કરોડ ડોઝ લોકોને આપવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૧૨

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના દિશાદર્શનમાં ગુજરાતે કોરોના રસીકરણ અભિયાનમાં અપૂર્વ સિદ્ધિ મેળવી છે. તા. ૧૨ જુન શનિવારે સાંજે ૪ વાગ્યા સુધીમાં રાજ્યમાં કોરોના રસીના ૨ કરોડ ડોઝ લોકોને આપવામાં આવ્યા છે. ૨ કરોડ રસીના આ ડોઝમાં આજ સુધીમાં ૧ કરોડ ૫૫ લાખ પ્રથમ ડોઝ અને ૪૫ લાખ સેકન્ડ ડોઝ આપવામાં આવ્યા છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા અમલી અભિયાનને પરિણામે ગુજરાતમાં રસીકરણ અભિયાન શરૂ થયાના માત્ર પાંચ મહિનામાં બે કરોડ લોકોને વ્યાપક રસીકરણ અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

ગુજરાત રસીકરણના દરેક તબક્કે ૫૨ મિલિયન રસીકરણમાં સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે રહ્યું છે. હાલ રાજ્યમાં દૈનિક ૩ લાખ આસપાસ વ્યક્તિઓને કોવિડ-૧૯ રસીના ડોઝ આપવામાં આવી રહ્યા છે. આજ દિન સુધી હેલ્થ વર્કર જુથમાં ૬.૧૭ લાખને પ્રથમ ડોઝ અને ૪.૪૬ લાખને બીજો ડોઝ આપવામાં આવ્યો છે. કુલ ૧૩.૨૪ લાખ ફ્રન્ટ લાઈન વર્કરને પ્રથમ ડોઝ તથા ૬.૫૪ લાખને બીજો ડોઝ આપવામાં આવ્યો છે. ૪૫થી વધુ ઉંમર ધરાવતા કુલ ૯૯.૪૧ લાખ લોકોને પ્રથમ ડોઝ અને ૩૩.૮૨ લાખ લોકોને બીજો ડોઝ આપવામાં આવ્યો છે. ૧૮થી ૪૪ વય જુથના ૩૬.૦૨ લાખ લોકોને પ્રથમ ડોઝ અને ૫૯ હજાર લોકોને બીજો ડોઝ આપવામાં આવ્યો છે.

## ગ્રામીણ વિસ્તારમાં પક્કડ મજબુત બનાવવા પ્રભારી સાથે બેઠકો થઈ

### ગાંધીનગરમાં ભાજપની શ્રેણીબદ્ધ બેઠકોએ જગાવેલી રાજકીય ઉત્તેજનાઓ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર એ છેલ્લા બે દિવસથી રાજ્યના રાજકારણનું એ.પી. સેન્ટર બની ઉભરી રહ્યુ છે. ૧૫મી માર્ચે યોજાનાર ભાજપના ધારાસભ્યોની બેઠક પૂર્વે પ્રદેશ પ્રભારી ભૂપેન્દ્ર યાદવ દ્વારા આજે દિવસ દરમ્યાન શ્રેણીબદ્ધ બેઠકોનો દોર ચાલ્યો હતો.

મળતી વિગતો પ્રમાણે ભાજપ દ્વારા વિધાનસભાની ચૂંટણીઓ પૂર્વે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અને સહકારી સંસ્થાઓની ચૂંટણીઓની વૈતરણી પાર કરવાની હોવાથી બેઠકોનો ધમધમાટ વધી ગયો છે.

૧૫મી જૂન સુધી રાજ્ય સરકારે જ સહકારી સંસ્થાઓની ચૂંટણીઓ પર પ્રતિબંધ લાદતા હુકમો કર્યો છે. આ દિવસ હવે નજીક આવી રહ્યો છે અને રાજ્યમાં જે રીતે સંક્રમણ ઘટ્યુ છે ત્યારે ભાજપ સહકારી સંસ્થાઓ પરની તેની પક્કડને વધુ મજબુત બનાવવાની રણનીતિ તૈયાર કરી રહ્યાનું જાણવા મળેલ છે.

સહકારી સંસ્થાઓની ચૂંટણીઓ પછી ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ જે આમ તો પક્ષીય ધોરણે લડાતી નથી પરંતુ ગ્રામીણ વિસ્તારમાં ભાજપ સામેનો જે વિરોધ છે તે શાંત પડે અને ગ્રામીણ વિસ્તારમાં પક્ષનું સંગઠ્ઠન મજબુત બનાવવા પર ભૂપેન્દ્ર યાદવ સાથેની બેઠકમાં મંથન થયાની વાતો બહાર આવવા પામી છે.

ભાજપના સૂત્રોમાંથી જ મળેલી વિગતો પ્રમાણે વિધાનસભાની ચૂંટણી પહેલાં ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી પણ યોજવાની છે એટલે શહેરમાં ભાજપનો પ્રભાવ વધે તે માટે પણ અછડતી ચર્ચાઓ થઈ હતી.

જિલ્લા-તાલુકા પંચાયતની ખાલી પડેલી બેઠકોની ચૂંટણી પણ ડિસેમ્બરમાં યોજવાની બાબતે પરામર્શ થયો હોવાનું જાણવા મળેલ છે.

જો કે કોરોનાનું સંક્રમણ ઘટતાં રાજ્યમાં ત્રણ

● અનુસંધાન પાન-૭ પર

## એક દિવસ બાદ પુનઃ કોરોનાના નવા કેસ સિંગલ ડિજીટમાં

### દહેગામમાં ત્રણ મહિલાઓનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો : શહેરમાં એક નવ વર્ષીય દિકરી અને ૨૦ વર્ષીય યુવતી સહિત પાંચ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં એક દિવસ બાદ પુનઃ આજે કોરોનાના કેસો સિંગલ ડિજીટમાં નોંધાયા છે. જિલ્લામાં આજે કોરોનાના ૮ કેસ નોંધાયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં ૩ અને શહેરમાં ૫ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારના ૩ એ કેસ દહેગામ તાલુકામાં નોંધાયા છે. જિલ્લામાં કોરોનાની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે કેસો છુટા છવાયા નોંધાઈ રહ્યા છે.

દહેગામ તાલુકામાં આજે ૩ કેસ નોંધાયા છે અને ૩ કેસ મહિલા દર્દીના છે. આ ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તાલુકાના દાનાજીની મુવાડી, લહેરીપુરા કંપા તેમજ પાલૈયા ગામેથી કેસ મળી આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ પાંચ દર્દીઓ રિકવર થતાં તેમનો ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ ૯૫ ટકાએ પહોંચ્યો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૯૪૯૧ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૨૫૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૫૭૭ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે વધુ પાંચ કેસ નોંધાયા છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં એક નવ વર્ષની દિકરી તેમજ ૨૦ વર્ષીય યુવતીનો પણ સમાવેશ થાય છે.

શહેરમાં આજે સે. ૨, ૭, ૧૨, ૨૨ અને પાલજ ગામેથી કેસો મળી આવેલ છે.

શહેરમાં આજે વધુ ૭ દર્દીઓ રિકવર થતાં તેમનો ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરનો રિકવરી રેટ ૯૬ ટકાએ પહોંચ્યો છે. શહેરમાં આજે પણ ૭૦ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.






Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com